**નામદાર મજુર અદાલત નં.ર જામનગરના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ,જામનગર.**

**રેફરન્સ (ટી) નં.ર૯/ર૦ર૪**

**આંક – ૯**

પ્રથમ પક્ષકારો :– જય ઈન્ટરનેશનલ,

પ્લોટ નં.૪૬૭ બી, જી.આઈ.ડી.સી.,

શંકર ટેકરી, ઉધ્ધોગનગર, જામનગર.

**<u>વિરુઘ્ઘ</u>**

બીજા પક્ષકાર :– અસ્લમ અબ્બાસ જોખીયા,

C/O મજૂર સેવા સંઘ, ર૮, મનુ માર્કેટ, બેડી ગેઈટ, જામનગર.

**વિષય : ઔધ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય બાબત.**

| | | |
|---|---|---|
| પ્રથમ પક્ષકારો તરફે | : | વિ.વકીલશ્રી જે.ડી.પરમાર. |
| બીજા પક્ષકાર તરફે | : | વિ.પ્રતિનિધિ શ્રી એચ.એચ.દેદા |

**–::એવોર્ડ ::–**

(૧) અરજદાર અને સામાવાળા વચ્ચે ઉદ્દભવેલ વિવાદ નાયબ શ્રમ આયુકતશ્રી, જામનગરનાઓની કચેરી ઘ્વારા તેમના હુકમ ક્રમાંક :એ.કે.એચ.એલ.સી./આર.એ.જે./ ૧૪/ર૦ર૪ આર.ટી., તા.૦૯/૦પ/ર૦ર૪ થી અત્રેની કોર્ટ સમક્ષ ન્યાય–નિર્ણય માટે મોકલવામાં આવેલ છે. આ રેફરન્સની અનુસુચિની વિગત નીચે મુજબ છે.

**'' અસ્લમ અબ્બાસ જોખીયાને''** તા. **૦૧/૦૨/૨૦૨૪ થી કોઈપણ જાતના વાંક ગુન્હા કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ અને પુર્વવત નોકરીથી ફરી કામે લેવા જોઈએ કે કેમ?''**

આમ આ બાબત ન્યાય–નિર્ણય થવા આ કોર્ટ સમક્ષ મોકલવામાં આવેલ છે.

(૨) આજરોજ લોક અદાલતમાં અરજદાર તથા સામાવાળા હાજર છે. બંને તરફે તેમના પ્રતિનિધિશ્રીઓ દ્વારા આંક–૮ થી સમાધાન પુરસીસ આપી જણાવે છે કે આ કામમાં સામાવાળા દ્વારા અમો અરજદારને તમામ પ્રકારના ફુલ એન્ડ ફાઈનલ હકક હીસ્સાની રકમ રૂા.૨૩,૦૦૦/– બંને પક્ષકારોના પ્રતિનિધિની રૂબરૂમાં ચેકથી ચુકવી આપેલ હોય, આ કામ આગળ ચલાવવા માંગતા ન હોય, આ કામ પરત ખેચતા હોવાનું જણાવેલુ છે.

(૩) બંને પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત ધ્યાને લેતા તે મુજબનો એવોર્ડ કરી આપવો ન્યાયિક જણાય છે. જેથી સમાધાન પુરસીસ મુજબનો એવોર્ડ કરી આ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે.

એવોર્ડ સાથે સમાધાન પુરસીસ આંક–૭ ની વિગતોને એવોર્ડનો ભાગ ગણવા હુકમ કરવામાં આવે છે.

તા.૧૩/૦૯/૨૦૨૫
જામનગર

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર
આઈ.ડી.નં.જીજે૦૧૨૯૮